**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૧૧૦/૧૯–૨૦</u> ☜

વાદી :– મે. પુજા ધાણાદાળ પ્રા.લી.

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૨૮.૦૧.૨૦૨૦ તથા ૧૯.૦૨.૨૦૨૦** ◈

હાજર રહયા :– શ્રી કમલેશભાઈ શાંતિલાલ શાહ – ( મે. પુજા ધાણાદાળ પ્રા.લી.ના પાર્ટનર)

પ્રતિવાદી :– શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે.પુજા ધાણાદાળ પ્રા.લી., શેખપર તા.મુળી, જી.સુરેન્દ્રનગરની લોડ ડેવલપમેન્ટ ચાર્જની ભરેલ રકમ પરત મળવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧૦/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૧૦/૧૯–૨૦/૫૦૬૯ તા.૧૭.૧૨.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૮.૦૧.૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી મે. પુજા ધાણાદાળ પ્રા.લી. ના પાર્ટનર શ્રી કમલેશભાઈ શાંતિલાલ શાહ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ. જેમાં પ્રતિવાદી તરફે સદર કેસને લગતા વધુ ડોકયુમેન્ટ રજુ કરવા મુદત માગેલ. જે અન્વયે તા.૧૯.૦૨.૨૦૨૦ ના રોજ વધુ એક મુદત આપવામાં આવેલ, જેમાં જેમાં વાદી મે. પુજા ધાણાદાળ પ્રા.લી. ના પાર્ટનર શ્રી કમલેશભાઈ શાંતિલાલ શાહ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારે પુજા ધાણાદાળ પ્રા.લી. નામનું 91 KW નું LTMD ટેરીફમાં ઔદ્યોગીક જોડાણ ગ્રાહક નંબર ૨૫૯૩૦/૦૦૦૧૧/૫ થી રાજકોટ હાઈવે પર ચાલુ છે. અમોએ અમારી વીજ જોડાણમાં રૂ.૪૧,૪૦૦/– લોડ ડેવલપમેન્ટ ચાર્જના ભરેલ રકમ પરત આપવા માટે અરજી કરેલ.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievances Redressal Forum

